ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0





પંચદેવને પ્રણામ... - નવા વર્ષના મંગલાચરણે ગાંધીનગરના ગ્રામદેવતા પંચદેવ મંદિરે રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ પરંપરાગત દર્શને આવ્યા હતા... પંચદેવના દર્શન-પૂજન અને આરતીનો લાભ લઈને મુખ્યમંત્રીશ્રીએ નૂતન વર્ષના કાર્યનો આરંભ કર્યો હતો... ધર્માધ્યક્ષ પૂ. ફુલશંકર શાસ્ત્રીજીએ મુખ્યમંત્રીને આવકારી પૂજન કરાવ્યું હતું... આ પ્રસંગે મહાનગર ભાજપના આગેવાનો અને નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા...

# શહેરમાં ઠંડીનો ચમકારો

**લઘુત્તમ તાપમાન ૧૪ ડીગ્રી સુધી નીચે ગયુ : બે દિવસ અગાઉ ઠંડીનુ જોર વધવાની શરૂઆત વચ્ચે ગરમીનો પારો પણ હજુ ૩૪ ડીગ્રીની આસપાસ : આજે પણ લઘુત્તમ તાપમાન ૧૬ ડીગ્રીએ રહ્યુ હતુ : આગામી નવેમ્બર મહીનામાં ઠંડીનુ જોર વધશે**


ગાંધીનગર તા ૨૯

ગાંધીનગરમાં નવા વર્ષના પ્રારંભે નગરજનોએ ઠંડીનો ચમકારો અનુભવ્યો હતો. બે દિવસ અગાઉ ઠંડીનો પારો ૧૪ ડીગ્રી સુધી નીચે ગયો હતો જયારે છેલ્લા બે દિવસમાં પણ લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં એકાદ ડીગ્રીની વધઘટ જોવા મળી રહી છે. આજે હળવા વાદળિયા વાતાવરણ વચ્ચે પણ દિવસે ગરમીનુ જોર રહ્યુ હતુ જયારે લઘુત્તમ તાપમાન પણ ૧૬ ડીગ્રી નોંધાયુ હતુ. જેના લીધે સાંજ ઢળતા જ વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. હવામાન તજજ્ઞોનાના મતે નગરમાં આગામી દિવસોમાં મોસમનો મિજાજ બદલાશે જેના લીધે ક્યારેક વાદળિયુ વાતાવરણ છવાશે જયારે નવેમ્બર મહીનામાં ઠંડીનુ જોર પણ વધશે

ગાંધીનગરમાં દિવાળી બાદ વાતાવરણમાં પલ્ટો જોવા મળી રહ્યો છે. આજે દિવસ દરમિયાન હળવુ વાદળિયુ વાતાવરણ જોવા મળ્યુ હતુ. જયારે બપોરના સમયે નગરજનોએ આકરો બફારો અનુભવ્યો હતો. ગઈકાલની સાપેક્ષમાં આજે મહત્તમ તાપમાન ૨ ડીગ્રી ગગડયુ હતુ. જયારે લઘુત્તમ તાપમાન ૧૬ ડીગ્રી રહ્યુ હતુ. છેલ્લા ત્રણ દિવસથી લઘુત્તમ તાપમાન ૧૪ થી ૧૬ ડીગ્રી વચ્ચે રહ્યુ છે. વાતાવરણમાં દિવસે ગરમી અને સવારે અને રાત્રિના સમયે ઠંડીની અસર વર્તાઈ રહી છે. આજે વાતાવરણમાં સવારે ભેજનુ પ્રમાણ ૬૫ ટકા અને સાંજે ૪૪ ટકા રહ્યુ હતુ. છેલ્લા ત્રણ દિવસથી ઠંડી અને ગરમીના પારામાં ચઢ ઉતર જોવા

● અનુસંધાન પાન-૭ પર

**દશકોશી ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ બેસણું / દશમું**



અમારા ભાઈશ્રી **રાજેન્દ્રભાઈ કેશવલાલ ઠાકર**
તા.૨૭-૧૦-૨૦૨૨ને ગુરૂવારના રોજ દેવલોક પામેલ છે.

**સદ્ગતનું બેસણું**
**તા.૩૧-૧૦-૨૦૨૨ને સોમવારના રોજ સવારે ૮ થી ૧૨ કલાકે** રાખેલ છે.

**સદ્ગતનું દશમું**
**તા.૫-૧૧-૨૦૨૨ને શનિવારના રોજ સવારે ૮ થી ૧૨ કલાકે** રાખેલ છે.

**સ્થળ : બ્રાહ્મણ વાડી, મુ.વાસણા રાઠોડ, તા.દહેગામ, જી.ગાંધીનગર**

**જયેન્દ્રભાઈ કેશવલાલ ઠાકર**
**સ્વ.ભાલચંદ્ર કેશવલાલ ઠાકર**
**સ્વ.ભુપેન્દ્ર કેશવલાલ ઠાકર**
**જતિનકુમાર મધુસુધન પંડ્યા**
**પાર્થ જતિનકુમાર પંડ્યા**

**વડનગરા નાગર ઉઠમણું / બેસણું**



અમારા પિતાશ્રી
**સ્વ.જસ્મીન (જતીન) શશીકાંત વસાવડા**
તા.૨૮-૧૦-૨૨ને શુક્રવારના રોજ હાટકેશ શરણ પામેલ છે. **સદ્ગતનું ઉઠમણું/બેસણું તા.૩૧-૧૦-૨૨ને સોમવારના રોજ સાંજે ૫ થી ૬:૩૦ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : શ્રી ભુવનેશ્વર મહાદેવ તીર્થ, સેક્ટર-૬, ગાંધીનગર**

**ગં.સ્વ.ભાવના જસ્મીન વસાવડા (પત્ની)**
**સૌમિલ જસ્મીન વસાવડા (પુત્ર) ચિરાયુ જસ્મીન વસાવડા (પુત્ર)**
**ખેવના સૌમિલ વસાવડા (પુત્રવધુ) અપેક્ષા ચિરાયુ વસાવડા (પુત્રવધુ)**
**ફિઓની, યશાંશી (પૌત્રી)**
**મયુર, દેવેન્દ્ર (દિપુ), જાગૃતિ (જાગુ), અતુલ, હિતાર્થ (ટીનુ) (ભાઈઓ-બહેનો)**

**ફર્મ : વસાવડા ગ્રુપ ટ્યુશન**

# જિલ્લામાં પાંચ બેઠકો માટે ભાજપમાં ૧૬૮ની દાવેદારી

**ગાંધીનગર (ઉ)-(દ), કલોલ તેમજ દહેગામમાં વર્તમાન અને પૂર્વ કાઉન્સિલરો તેમજ પંચાયતના પદાધિકારીઓએ પણ ટિકિટની માંગણી કરી : ગાંધીનગર (દ)માં ૬૪, (ઉ)માં ૪૮, કલોલ-માણસા-દહેગામમાં ૨૦-૨૦ જણાએ દાવા રજુ કર્યા : ૨૦થી વધુ મહિલાઓએ પણ ટિકિટ માટે માંગણી કરી**

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર જિલ્લામાં વિધાનસભાની પાંચ બેઠકો માટે ભાજપમાં ૧૬૮ જેટલા દાવેદારોએ તેમના દાવાઓ નિરીક્ષકો સમક્ષ રજુ કર્યા છે.

જિલ્લામાં વિસ્તાર અને મતદારોની દ્રષ્ટિએ સૌથી મોટા ગણાતાં ગાંધીનગર દક્ષિણ બેઠક પર ૬૪ ઉમેદવારોએ તેમના દાવા રજૂ કર્યા છે તો માણસા કલોલ અને દહેગામ વિધાનસભા બેઠક પર ૨૦-૨૦ ઉમેદવારો અને ગાંધીનગર ઉત્તર બેઠક પર ૪૮થી વધુ ઉમેદવારોએ તેમના દાવા નિરિક્ષકો સમક્ષ રજુ કર્યા છે.

સતત બે દિવસ ઉમેદવારોની સેન્સ લેવાની પ્રક્રિયા રાયસણના ભૈરવનાથ પાર્ટી પ્લોટના કમલમ્ કાર્યાલય ખાતે ચાલી હતી. પુર્વમંત્રી અને પૂર્વ પ્રદેશ અધ્યક્ષ આર.સી.ફળદુના નેતૃત્વમાં નિરિક્ષકોની ટીમે ગુરૂવારે મોડી રાત સુધી અને શુક્રવારે પણ મોટી સાંજ સુધી રજુઆતોને સાંભળી હતી.

ગાંધીનગર જિલ્લામાં વિધાનસભાની પાંચ બેઠકો માટે રજુઆતો સાંભળવામાં આવી હતી તેમાં ગુરૂવારે ગાંધીનગર ઉત્તર, કલોલ, માણસા બેઠકનો સમાવેશ કરાયો હતો જયારે શુક્રવારે ગાંધીનગર દક્ષિણ અને દહેગામ બેઠક પરની રજુઆતો સાંભળવામાં આવી હતી.

સૌની નજર ગાંધીનગર દક્ષિણ બેઠક પર હતી. ગાંધીનગર દક્ષિણ બેઠક પર વર્તમાન ધારાસભ્ય શંભુજી ઠાકોર, ઉપરાંત સહકારી આગેવાન અશોક પટેલ (વકીલ), કોદરભાઈ પટેલ (જાખોરા), ડો.શંકરસિંહ રાણા ઉપરાંત પ્રદેશ પ્રવકતા હિતેન્દ્ર પટેલ, પૂર્વ મહામંત્રી આઈ.બી.વાઘેલા, પૂર્વ પ્રમુખ રમેશભાઈ પટેલ (ઈસનપુર મોટા), પ્રવિણાઈ ડી.પટેલ કુડાસણના વાસુદેવભાઈપટેલ, અંબાપુરના અતુલ પટેલ, બાર એસો.ના શંકરસિંહ ગોહિલ, સ્થાયી

● અનુસંધાન પાન-૭ પર

## માણસા બેઠક પર ભાજપ-કોંગ્રેસ ક્ષત્રિય સમાજની અવગણના સામે બેઠકો શરૂ

ગાંધીનગર, તા.૨૯

માણસા વિધાનસભા બેઠક માટે ક્ષત્રિય સમાજની સતત અવગણના કરવામાં આવતી હોવાથી સામાજિક આગેવાનોની ખાનગી બેઠકોનો દોર શરૂ થયો છે. ભાજપ-કોંગ્રેસ દ્વારા ક્ષત્રિય સમાજની સતત અવગણના કરવામાં આવી રહી હોવાની તીવ્ર લાગણીને ધ્યાને લઈ તાજેતરમાં રણવીરસિંહ રાઠોડના ઘરે સામાજિક અગ્રણીઓની બેઠક મળી હતી. માણસા વિધાનસભા બેઠકમાં ૭૦ હજાર જેટલા ક્ષત્રિય મતદારો હોવાનો દાવો રણવીરસિંહ રાઠોડે કર્યો હતો. તેમણે એવો પણ આક્ષેપ કર્યો હતો કે સ્થાનિક આગેવાનો જ પ્રદેશ નેતાઓને ગેરમાર્ગે દોરી રહયા છે. માણસા વિધાનસભા મતવિસ્તારના ક્ષત્રિય આગેવાનોનું એક સંમેલન બોલાવવાની વિચારણા ચાલી રહી હોવાનો સંકેત પણ તેમણે આપ્યો હતો.

## પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ મહેન્દ્રસિંહ વાઘેલા કોંગ્રેસમાં પુનઃ જોડાયા

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ અને પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ શંકરસિંહ વાઘેલા ૪ વર્ષ ૧૦ દિવસ બાદ પુનઃ કોંગ્રેસમાં જોડાયા છે. મહેન્દ્રસિંહ વાઘેલા જિલ્લા પંચાયતમાં બિનહરિફ વિજેતા બનીને ચૂંટાયા હતા. આ પછી તેઓ બે ટર્મ કોંગ્રેસના ધારાસભ્ય રહ્યા હતા. પહેલા તેઓ મેઘરજ બેઠક પરથી અને ત્યારબાદ બાયડ બેઠક પરથી વિજયી થયા હતા. શૈક્ષણિક સંસ્થાઓ સાથે સંકળાયેલ મહેન્દ્રસિંહ વાઘેલા પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાના દિકરા થાય છે. તેઓ વિધાનસભાની સામાન્ય ચૂંટણીમાં દહેગામ, બાયડ કે અન્ય બેઠક પરથી ચૂંટણી લડશે તેમ મનાઈ રહ્યું છે. જો કે તેમણે ક્યાંથી ચૂંટણી લડવી તે પક્ષ નક્કી કરશે તેમ તેમણે જણાવ્યું હતું.

મહેન્દ્રસિંહ વાઘેલાની કોંગ્રેસમાં થયેલ ઘરવાપશીથી જિલ્લાના રાજકારણમાં પણ ગરમાવો આવ્યો છે. મહેન્દ્રસિંહ વાઘેલા કોંગ્રેસ છોડી વર્ષ ૨૦૧૮માં જુલાઈ માસમાં ભાજપમાં જોડાયા હતા. જોકે ઓક્ટોબર ૨૦૧૮માં જ તેમણે ભાજપને રામરામ કર્યા હતા. ૪ વર્ષ અને ૧૦ દિવસ બાદ મહેન્દ્રસિંહ વાઘેલા પુનઃ કોંગ્રેસમાં જોડાયા છે.

## મુકેશ પટેલ ગાંધીનગર (ઉ)માં આપના ઉમેદવાર જાહેર

આમ આદમી પાર્ટીએ ઉમેદવારોની સાતમી યાદી જાહેર કરી છે તેમાં ગાંધીનગર (ઉ) બેઠક માટે મુકેશ પટેલની જાહેરાતનો સમાવેશ થાય છે. આમ આદમી પાર્ટીએ ગાંધીનગર જિલ્લાની બે બેઠકો પર ઉમેદવારોના નામની જાહેરાત કરી છે. ગાંધીનગર (દ) બેઠક પર દોલત પટેલનો સમાવેશ થાય છે. મુકેશ પટેલ લોકસભા બેઠકના પ્રમુખ તરીકે આમ આદમી પાર્ટીના છે. તેઓ કર્મચારી અગ્રણી રહી ચુક્યા છે.

**બેસણું**



દિલગીરી સાથે જણાવવાનું કે અમારા માતૃશ્રી
**સ્વ. જશુમતીબેન વ્રજલાલ ઓઝા**
તા. : ૨૩-૧૦-૨૦૨૨ ને રવિવાર ના રોજ દેવલોક પામ્યા છે. સદ્ગત નું બેસણું તા. ૩૦-૧૦-૨૦૨૨ને રવિવાર ના રોજ સવારે ૯:૦૦ થી ૧૧:૦૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : શ્રી સચ્ચીદાનંદજી બ્રહ્મ ભવન, સોમનાથ મહાદેવ મંદિર, રંગમંચ ની સામે, સેક્ટર -૧૬ ગાંધીનગર.

લિ.
**ઓઝા હર્ષદકુમાર વ્રજલાલ** મો. ૯૪૨૬૬ ૫૧૩૩૩
**ઓઝા કલ્પેશકુમાર વ્રજલાલ** મો. ૯૪૨૬૩ ૬૧૧૯૦







Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com